Extra No. 302

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, AUGUST 19, 2025 / SRAVANA 28, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૨જી ઓગસ્ટ, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીજી/૧૧૯/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૪/જીઓઆઈ-૧૫.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Gujarat Communication to Informant Rules, 2025

ગુજરાત માહિતી આપનાર સાથે સંદેશાવ્યવહાર બાબત નિયમો, ૨૦૨૫ સંબંધિત

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ઓગસ્ટ, ૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩.

ક્રમાંક: જીજી/૧૧૯/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૪/ જીઓઆઈ-૧૫ :- ગુજરાત રાજ્યને લાગુ પડતી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા)ની કલમ ૧૯૩ની પેટા-કલમ (૩)ના ખંડ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-

(૧) આ નિયમો ગુજરાત માહિતી આપનાર સાથે સંદેશાવ્યવહાર બાબત નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.-

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) “લીધેલું પગલું” એટલે તપાસ પૂરી થયેથી મેજિસ્ટ્રેટને પોલીસ અહેવાલ મોકલવા, કેસ બંધ કરવા અથવા સંહિતા મુજબના બીજા કોઈ પગલા સહિત, તપાસ અધિકારી દ્વારા લેવામાં આવેલાં પગલાં;

(ખ) “એનેક્ષર” એટલે આ નિયમો સાથે જોડેલું એનેક્ષર;

(ગ) “ઈ-ગુજકોપ” એટલે ડેટાના સંગ્રહ અને સૂચનાઓના અમલ માટે પોલીસ દ્વારા ઉપયોગમાં લેવાતું સિસ્ટમ સોફ્ટવેર;

(ઘ) “એફઆઈઆર” એટલે સંહિતાની કલમ ૧૭૩ હેઠળ રજિસ્ટર થયેલ (નોંધાયેલ) પ્રથમ માહિતી અહેવાલ;

(ચ) “માહિતી આપનાર (ઈન્ફોર્મેન્ટ)” એટલે સંહિતાની કલમ ૧૭૩ હેઠળ એફઆઈઆરમાં નોંધ્યા મુજબ, ગુનો થયા અંગેની માહિતી પ્રથમ પૂરી પાડી હોય તેવી વ્યક્તિ;

(છ) “તપાસ અધિકારી” એટલે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ (હવાલો ધરાવતાા) અધિકારી અથવા તપાસ હાથ ધરવા માટે સંહિતા હેઠળ અધિકૃત કરેલ કોઈ અન્ય અધિકારી;

(જ) “ગુજપોલ” એટલે ગુજરાત પોલીસ;

(ઝ) “સંહિતા” એટલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ૪૬મો).

૩. માહિતી આપનાર સાથે સંદેશાવ્યવહાર કરવાની રીત.-

(૧) તપાસ અધિકારીએ ભોગ બનનાર/માહિતી આપનારને ઈ-ગુજકોપ અથવા અસ્તિત્વમાં હોય તેવી (સ્થાપિત) કોઈ અન્ય પદ્ધતિ મારફત એનેક્ષર-ક-માં દર્શાવ્યા મુજબના ફોર્મેટમાં લીધેલા પગલાંની જાણ કરવી જોઈશે.

(૨) સંદેશાવ્યવહાર નીચે જણાવેલી પદ્ધતિઓ પૈકીની કોઈ એક અથવા વધુ પદ્ધતિઓ મારફત કરવો જોઈશે,-

(ક) રૂબરૂ સોંપણી: માહિતી આપનારને, પરિશિષ્ટ-ક માં નિર્દિષ્ટ કરેલી માહિતી અથવા જરૂરી હોય, તો અન્ય માહિતી રૂબરૂમાં સોંપવી જોઈશે અને (તે) મળ્યાની (સ્વીકૃતિ) પહોંચ મેળવવી જોઈશે.

(ખ) રજિસ્ટર્ડ ટપાલ: માહિતી, માહિતી આપનારના એફઆઈઆર અથવા કેસ ડાયરીમાં નોંધ્યા મુજબના સરનામા પર રજિસ્ટર્ડ રસીદી ટપાલથી મોકલવી જોઈશે.

(ગ) ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર: માહિતી, સુરક્ષિત પ્લેટફોર્મનો ઉપયોગ કરીને, ઈ-મેલ, એસએમએસ અથવા વોટ્સએપ મારફત મોકલવી જોઈશે.

(ઘ) તપાસ અધિકારીએ, માહિતી આપનારને અથવા ભોગ બનનારને, ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર સહિતના કોઈ પણ માધ્યમો દ્વારા નેવું દિવસની મુદતની અંદર તપાસની પ્રગતિની જાણ કરવી જોઈશે.

૪. સંદેશાવ્યવહારની વિષયવસ્તુ.-

ભોગ બનનાર/માહિતી આપનાર સાથે (કરવાના) સંદેશાવ્યવહારમાં નીચેના વિષયવસ્તુઓનો સમાવેશ થવો જોઈશે,-

(ક) એફઆઈઆર રજિસ્ટર થવા અંગેની બાબત.

(ખ) ગુનાની વિગત(પંચનામા) કર્યા અંગેની બાબત.

(ગ) ધરપકડ કરેલ વ્યક્તિ/વ્યક્તિઓની વિગત;

(ઘ) જપ્ત કરેલી મિલકતની વિગત;

(ચ) ચાર્જશીટ/આખરી/ક્લોઝર રિપોર્ટ રજૂ કર્યા અંગેની બાબત.

નોંધ: કેસની સત્યનિષ્ઠા સુરક્ષિત રાખવા માટે, સંદેશાવ્યવહારમાં સાક્ષીઓ, પુરાવા અથવા ચાલી રહેલી તપાસોની વિગતો જેવી સંવેદનશીલ માહિતી જાહેર કરવી જોઈશે નહિ.

એનેક્ષર-ક

(જુઓ નિયમ ૩(૧))

કલમ ૧૯૩ બીએનએસએસ, માહિતી આપનાર/ભોગ બનનારને ઈ-ગુજકોપ એસએમએસની વિગત		
		નવો એસએમએસ
સંહિતાની કલમ ૧૯૩ ભોગ બનનાર/માહિતી આપનારને પોલીસે ૯૦ દિવસની અંદર તપાસની પ્રગતિની જાણ કરવી	એફઆઈઆર રજિસ્ટર (**આઈઆઈએફ ૧**) થયેથી, માહિતી આપનાર/ ભોગ બનનારને એસએમએસ મોકલવાનો રહેશે	તારીખ ..... ના રોજ ..... કલમો હેઠળ એફઆઈઆર નં. ..... થી ..... પોલીસ સ્ટેશન ખાતે તમારી ફરિયાદ પરથી એફઆઈઆર રજિસ્ટર કરવામાં આવેલ છે.- ગુજપોલ
	ગુના અંગેની વિગતનો નમૂનો (**આઈઆઈએફ ૨**) રજૂ કર્યેથી, માહિતી આપનાર/ભોગ બનનારને એસએમએસ મોકલવાનો રહેશે.	.....પોલીસ સ્ટેશનની એફઆઈઆર નં. ..... માટે સંબંધિત પંચનામું તારીખ ..... ના રોજ તૈયાર કરવામાં આવેલ છે. -ગુજપોલ.
	ધરપકડ અંગેનો નમૂનો (**આઈઆઈએફ ૩**) રજૂ કર્યેથી, માહિતી આપનાર/ભોગ બનનારને એસએમએસ મોકલવાનો રહેશે.	.....પોલીસ સ્ટેશનની એફઆઈઆર નં. ..... માં તારીખ ..... ના રોજ ..... ની ધરપકડ કરવામાં આવી છે અને તેને જામીન પર અથવા પીઆર બોન્ડ પર મુક્ત કરવામાં આવેલ છે. - ગુજપોલ.
		.....પોલીસ સ્ટેશનની એફઆઈઆર નં. ..... માં તારીખ ..... ના રોજ આરોપી..... ને નોટિસ મોકલવામાં આવેલ છે. -ગુજપોલ.
		.....પોલીસ સ્ટેશનની એફઆઈઆર નં. .....ના આરોપી ..... ને ..... તારીખના રોજ પોલીસ જામીન પર પોલીસ સ્ટેશનમાંથી મુક્ત કરેલ છે. - ગુજપોલ.
	મિલકત જપ્તીનો નમૂનો (**આઈઆઈએફ ૪**) રજૂ કર્યેથી, માહિતી આપનાર/ભોગ બનનારને એસએમએસ મોકલવાનો રહેશે.	.....પોલીસ સ્ટેશનની એફઆઈઆર નં. ..... નો સંબંધિત મુદ્દામાલ ..... તારીખના રોજ જપ્ત કરવામાં આવેલ છે. -ગુજપોલ.

કલમ ૧૯૩ બીએનએસએસ, માહિતી આપનાર/ભોગ બનનારને ઈ-ગુજકોપ એસએમએસની વિગત		
		નવો એસએમએસ
	ચાર્જશીટ/આખરી અહેવાલનો નમૂનો (**આઈઆઈએફ ૫**) રજૂ કર્યેથી, માહિતી આપનાર/ભોગ બનનારને એસએમએસ મોકલવાનો રહેશે.	.....પોલીસ સ્ટેશનની એફઆઈઆર નં. .....ની ચાર્જશીટ/આખરી/ક્લોઝર (રિપોર્ટ) ..... તારીખના રોજ રજૂ કરવામાં આવેલ છે. -ગુજપોલ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રદ્ધા પરમાર,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.08.30 08:38:00 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar